


Virtues Education Service

॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह वर्तते ॥

श्री व्रजभूमि आश्रम संस्थान - समन्वितम्

# श्री सोमेश्वर महादेवजी मंदिर

चन्द्रप्रभास तीर्थ क्षेत्र,  मां नर्मदा उत्तर तीरे, मु. कोठिया - 393105
ता. करजन, जि. वडोदरा (गुजरात)

VrajbhoomiAshram

+91-77 88 00 55 22

# ચંદ્રપ્રભાસ તીર્થ

મા નર્મદાના પાવન તટે સ્થિત **'ચંદ્રપ્રભાસ તીર્થ':** કોઠિયા ગામનું સિદ્ધ શિવાલયમાં નર્મદાના રળિયામણા અને શાંત કિનારે પવિત્ર કોઠિયા ગામમાં આવેલું આ 'ચંદ્રપ્રભાસ તીર્થ' ભક્તોની આસ્થાનું પરમ કેન્દ્ર છે. આ એક એવું દિવ્ય અને જાગૃત પરિસર છે, જ્યાં શ્રી સોમેશ્વર મહાદેવજીની સાથે સંપૂર્ણ શિવ પરિવાર - માતા પાર્વતી, શ્રી ગણેશજી અને શ્રી કાર્તિકેય સ્વામી બિરાજમાન છે.

આ ઉપરાંત, અહી શિવજીના પરમ ભક્ત નંદી મહારાજ, સંકટમોચન શ્રી હનુમાનજી તથા મહાન શિવભક્ત શ્રી ઉપમન્યુ ઋષિના પણ અદભુત અને મનોહર સ્વરૂપોના દર્શન થાય છે.

જ્યોતિષશાસ્ત્ર મુજબ ચંદ્ર એ મનનો સ્વામી છે. આજના તણાવયુક્ત જીવનમાં, મા નર્મદાની શીતળ લહેરો અને શ્રી સોમેશ્વર મહાદેવની શરણમાં આવનાર ભક્તના મનનો બધો જ ઉચાટ શાંત થઈ જાય છે અને પરમ શાંતિનો અનુભવ થાય છે.

નર્મદા મૈયાની પરિક્રમા કરતા સાધુ-સંતો અને ભાવિકો માટે કોઠિયા ગામનું આ તીર્થ દર્શન અને સ્નાન માટેનું એક આગવું ધાર્મિક મહત્વ ધરાવે છે. નર્મદાના પવિત્ર નીરથી અહીં શિવજીનો અભિષેક કરવાથી કોટિ તીર્થોની યાત્રા સમાન પુણ્ય પ્રાપ્ત થાય છે.

॥ पूर्णा पूर्णो जलै समुद्र सरिता,
**कुर्वन्तु मे मंगलम् ॥**



પવિત્ર પુણ્યદાયી માં નર્મદા ના તટ પર  અનેકવિધ સામાજીક સેવાકીય શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા એવા સર્વજીવહિતાવહ **'શ્રી વ્રજભૂમિ આશ્રમ'** દ્વારા અનેકવિધ સેવા પ્રવૃત્તિઓ નો શુભારંભ કરી રહ્યું છે.

ભારતની પ્રાચીન અન્નદાનની પરંપરાની બુનિયાદ પર સમાજમાં સહાયની અપેક્ષા ધરાવતા અસહાયવર્ગને આવશ્યક સર્વ સુવિધા સુલભ બનાવવા સર્વતોલક્ષી નિષ્કામ કર્મયોગનું કોઠીયાની પવિત્ર પુણ્યભૂમિમાં અનુષ્ઠાન શરૂ કર્યુ છે.

સેવાયજ્ઞની વિશિષ્ટ પરબ જેવું આ ચંદ્રપ્રભાસ તીર્થ ક્ષેત્રમાં આવેલ **"શ્રી સોમેશ્વર મહાદેવજી"** મંદિર પરિસર મુલાકાત લેવા આપને હાર્દિક આમંત્રણ છે.

## ॥ सेवा मुक्तिश्च गम्यताम् ॥



## अन्नदानं परं दानं विद्यादानमतः परम् ।
## अन्नेन क्षणिका तृप्तिर्यावज्जीवं च विद्यया ॥

अन्नदान से बढ़कर दूसरा कोई दान न हुआ है और न होगा ।

अन्नदान में पात्र की परीक्षा आवश्यक नहीं है अन्नदान पाने के समी अधिकारी है ।

अन्नदान के लिये कही किसी काल का भी नियम नही है ।

अन्नदान से दाता को सतत पुण्यफल की प्राप्ति होती है ।।





**આ પવિત્ર સંસ્થા અને તીર્થધામની સમગ્ર આધ્યાત્મિક પ્રવૃત્તિઓ તથા વ્યવસ્થાપન, શ્રી અતુલ શિવશંકર જાની પરિવારના ઉમદા વિચારો, સતત માર્ગદર્શન અને આર્થિક તથા નૈતિક સહયોગથી સુચારૂ રીતે કાર્યરત છે**

પ.ભ. શ્રી અતુલભાઇ શિવશંકર જાની

અ.સૌ. સુષ્માબેન અતુલભાઇ જાની

સુશ્રી ઇશાબેન • સુશ્રી રિધ્ધિબેન

**• માતુશ્રી મધુકાંતા શિવશંકર ચુનીલાલ જાની પરિવાર •**



**પરિવારની અતૂટ શ્રદ્ધા અને સેવાભાવી દ્રષ્ટિકોણને કારણે જ આ તીર્થધામ આજે ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બન્યું છે.**



सत्युग के आदिकल्प से इस धरा पर जड, जीव, चैतन्यको आनंदित पल्लवित करने के लिए शिवतनया नर्मदाजी का इस पवित्र भारतमूमि पर प्रादुर्भाव हुआ है। मां नर्मदाकी महिमा का वर्णन शब्दोमे नही किया जा शकता।स्कंद पुराण के रेवाखंड मे ऋषि मार्केण्डेयजीने लिखा है कि नर्मदा के तट चर भगवान नारायण के सभी अवतारोने आकर मां की स्तुति की पुराणो मे ऐसा वर्णित है कि संसार मे एकमात्र नर्मदा नदी ही है जिसकी परिक्रमां सिद्ध, नाग, यक्ष, गंधर्व, किन्नर, मानव आदि करते है।



ग्रामे वा यदि वारण्ये ।
पुण्या सर्वत्र नर्मदा ।।

गाव हो या वन नर्मदा हर जगह पुण्य प्रदायिका महासरिता है ।

# સર્વજીવહિતાવહ સેવાકાર્ય

આ આશ્રમ દ્વારા આદિવાસી બાળકોને માત્ર શૈક્ષણિક જ નહીં, પણ જીવનમૂલ્ય અને સંસ્કારના ઘડતર સાથે અલગ-અલગ ક્ષેત્રોમાં માર્ગદર્શન આપવામાં આવે છે. અહીં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ ચાલે છે, જેનો મુખ્ય હેતુ બાળકોને શિક્ષણ અને આત્મસન્માન સાથે સશક્ત બનાવવાનો છે.

**અન્નક્ષેત્ર :-**
વર્ષ દરમિયાન દરરોજ નર્મદા પરિક્રમાર્થીઓ માટે ભોજન તેમજ ધર્મશાળાની વ્યવસ્થા હોય છે, જ્યાં આશ્રમવાસીઓ અને મુલાકાતીઓને નિઃશુલ્ક અને પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે.

**પ્રાકૃતિક ખેતી અને બાગાયતી : -**
આશ્રમમાં બાળકોને પ્રાકૃતિક ખેતી, શાકભાજી તેમજ બાગાયતી પદ્ધતિઓનું જ્ઞાન આપવામાં આવે છે. આ દ્વારા તેઓ પ્રાકૃતિક ખેતી સાથે પ્રકૃતિનું જતન કેવી રીતે કરવું તે શીખે છે.

**કોમ્પ્યુટર કલાસીસ :-**
આધુનિક ટેકનોલોજી અને ડિજિટલ દુનિયામાં બાળકો આગળ વધી શકે તે માટે કોમ્પ્યુટર શિક્ષણ આપવામાં આવે છે.

**યોગ કલાસીસ :-**
યોગ અને પ્રાણાયામ દ્વારા બાળકો શારીરિક અને માનસિક તંદુરસ્તી માટે પ્રેરિત કરવામાં આવે છે.

**સંગીત કલાસીસ :-**
આ કલાસીસમાં વિધાર્થીઓને ભારતીય સંગીત શીખવવામાં આવે છે.

**આ તમામ પ્રવૃત્તિઓનો મુખ્ય હેતુ વિધાર્થીઓને માત્ર શૈક્ષણિક જ્ઞાન નહીં,
પરંતુ જીવનની તમામ જરૂરિયાતો માટે પણ પૂરતું માર્ગદર્શન અને તાલીમ આપવાનો છે**



## ॥ संस्कृतालयम् ॥ સંસ્કૃત • સંસ્કાર • સેવા

**સંસ્કૃત વેદ પાઠશાળા :-**

આશ્રમમાં સંચાલિત **"સંસ્કૃતાલયમ્"** દ્વારા સંસ્કૃત ભાષા, વેદાધ્યયન અને ભારતીય સંસ્કૃતિના સંસ્કારો સાથે બ્રાહ્મણ બટુકો વિદ્યાર્થીઓને સર્વાંગી શિક્ષણ આપવામાં આવશે.

ધર્મ, સંસ્કૃતિ અને સંસ્કાર એ આપણા સનાતન ધર્મનો પ્રાણ છે. આ પ્રાણતત્વને જીવંત રાખવા અને આવનારી પેઢીના હૃદયમાં તેનું સિંચન કરવાના એક પવિત્ર સંકલ્પનું નામ એટલે **"સંસ્કૃતાલયમ્"** **"સંસ્કૃતાલયમ્"** કોઈ સામાન્ય પાઠશાળા નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિક ચેતના, શાશ્વત મૂલ્યો અને ઋષિ પરંપરાને પુનઃજીવિત કરતું એક પવિત્ર તીર્થ બની રહેશે.

આ આશ્રમમાં ભાવિ પેઢીના બાળકો ઉત્તમ સંસ્કારો અને વેદમંત્રોના ગુંજારવ વચ્ચે પ્રખર 'ઋષિકુમાર' બનીને પોતાના જીવન અને સમાજને એક સકારાત્મક દિશા આપશે, તેવો અમારો મક્કમ નિર્ધાર છે.
આ સંકુલમાં બાળકો માટે શિક્ષણની સાથે સાત્વિક ભોજન અને નિવાસની ઉત્તમ સુવિધાઓ આકાર લઈ રહી છે. આ પવિત્ર સેવા યાત્રામાં આપ સહુનો સહયોગ અમૂલ્ય છે.
આપના દાન અને સહભાગિતાથી અનેક બાળકોના જીવનમાં જ્ઞાન અને સંસ્કારનો દીપ પ્રગટે છે.

સેવા સહયોગ:-

- **એક વિદ્યાર્થી દત્તક યોજના**
- **પુસ્તકો / સ્ટેશનરી દાન**
- **ભોજન સેવા**
- **પુણ્યતિથિ / જન્મજયંતિ નિમિત્તે બ્રહ્મભોજન**
- **ગૌ-સેવા, સંત સેવા વગેરે**

**આપનો યથાશક્તિ સહયોગ સંસ્કારમય સમાજના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન બની રહેશે.**



**આ સંસ્કાર અને સંવેદનાના કાર્યમાં આપનું દાન અમુલ્ય છે.
આપ યથાશક્તિ સહયોગથી આશ્રમની સેવા યાત્રાને આગળ વધારવા હંમેશા મદદરૂપ રહો.....**

# શાસ્ત્રી નારાયણચરણદાસજી સ્વામી

PhD, वेदांत-धर्मशास्त्र आचार्य, ज्योतिष-वास्तुविद् **अध्यक्षश्री, व्रजभूमि संस्थान**

**ભારતમાં અનેક ભાગવત પારાયણોનાં પ્રભાવક વકતા સૌરાષ્ટ્ર-ગુજરાતનાં મહત્વના શહેરોમાં અનેક કથા પારાયણો દ્વારા ધાર્મિક વાતાવરણનાં પ્રસારક અને સાંસ્કૃતિક સેતુના સર્જક...**

**હિન્દુ ધર્મ અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અનેક તીર્થધામોમાં પ્રવચનો દ્વારા ભારતીય સંસ્કૃતિનો પ્રચાર....**

**ભારત ઉપરાંત અમેરીકા, કેનેડા, ઈંગલેન્ડના કેટલાક શહેરોમાં વ્યાખ્યાનો અને ભાગવત્ કથાઓ દ્વારા સદ્ધર્મ પ્રચાર....**

**રસસભર મધુરવાણી અને પ્રભાવપૂર્ણ હૃદયગમ શૈલીમાં રામ, શ્યામ અને ઘનશ્યામની કથાઓનો સુભગ સમન્વય...**

Shri Vrajbhoomi Ashram

**શ્રી વ્રજભૂમિ આશ્રમ સંસ્થાન વતી,**
શા. મંગલસ્વરૂપદાસજી
શા. સત્સંગસાગરદાસજી
શા. વિવેકસાગરદાસજી




**विष्णुः शिवो गणपतिः**
**पार्वती च दिवाकरः ।**
**एताः पूज्यतया मान्या देवताः**
**पञ्च मामकैः ॥**






















॥ ૐ નમઃ શિવાય ॥



Virtues Education Service

॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह वर्तते ॥

## For Donation

**Vrajbhoomi Foundation**
BANK OF BARODA - MOGAR
A/C NO.: **16270100001370**
IFSC Code: **BARB0MOGARX**
(Fifth Character is **zero**)

**Tribal Welfare Trust**
BANK OF BARODA - DABHOI
A/C NO.: **92420100023138**
IFSC Code: **BARB0BDABH**
(Fifth Character is **zero**)

**Vrajbhoomi Charitable Foundation**
ICICI BANK - V.V.Nagar
A/C NO.: **008501018981**
IFSC Code: **ICIC0000085**

# श्री सोमेश्वर महादेवजी मंदिर

www.vrajbhoomi.org

चन्द्रप्रभास तीर्थ क्षेत्र, मां नर्मदा उत्तर तीरे, मु. कोठिया - 393105 ता. करजन, जि. वडोदरा (गुजरात)

VrajbhoomiAshram

+91-77 88 00 55 22